# ઈન્ડિયન રેલવે સ્ટોર સર્વિસ (આઈ.આર.એસ.એસ.)

આઈ.આર.એસ.એસ. અધિકારીઓ ટ્રેનોના સુરક્ષિત સંચાલન માટે જરૂરી સ્ટોક અને નોન-સ્ટોક વસ્તુઓની ખરીદી માટે જવાબદાર છે. આ પ્રશિક્ષિત વ્યાવસાયિકો રોલિંગ સ્ટોક (લોકોમોટિવ, કોચ, વેગન વગેરે), માળખાકિય સુવિધાઓ (ટ્રેક, સિગ્નલિંગ સિસ્ટમ્સ, ઈમારતો વગેરે), અસ્કયામતોનું સંચાલન (લુબ્રિકેટિંગ તેલ વગેરે) અને વર્કશોપમાં ઉત્પાદન અને સમારકામની યોગ્ય દેખરેખ/જાળવણી સુનિશ્ચિત કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે સાવચેતીપૂર્વક અને આયોજનબદ્ધ રીતે કામ કરનાર વ્યક્તિ છો
- તમારા માર્ગદર્શન હેઠળ કામ કરવા માટે તમે લોકોને પ્રેરીત કરી  શકો છો
- તમે નેતૃત્વ કૌશલ્ય ધરાવો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૬૮,૦૦૦ થી ૨,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં અથવા વાણિજ્ય પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)

૨. એન્જિનિયરીંગની કોઇ પણ શાખામાં સ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

એન્જિનિયરીંગમાં સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરો.

**અથવા**

એન્જિનિયરીંગની કોઇ પણ શાખામાં ડિપ્લોમા કરો.

૩. UPSC દ્વારા લેવામાં આવતી એન્જિનિયરીંગ સેવા પરીક્ષામાં યોગ્યતા પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

આઈ.આર.એસ.એસ. ગેઝેટેડ ઓફિસરનું માસિક વેતન **રૂ. ૧૫,૬૦૦ થી ૯૦,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://cr.indianrailways.gov.in/uploads/files/1305795206553-Stores.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ભારતીય રેલવે અને અન્ય સરકારી વિભાગો/મંત્રાલયો

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમારે ઓફિસમાં તેમજ ફિલ્ડમાં એમ બંને જગ્યાએ કામ કરવાની જરૂર પડશે. તમે વેરહાઉસ અને લોકોશેડની મુલાકાત લેશો. તમે અધિકારીઓની ટીમને સંભાળશો. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ મટિરિયલ્સ મેનેજર → ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર → સિનિયર ડિવિઝનલ મટિરિયલ્સ મેનેજર/ડેપ્યુટી ચીફ મટિરિયલ્સ મેનેજર → ચીફ મટિરિયલ્સ મેનેજર → પ્રિન્સિપલ મટિરિયલ્સ મેનેજર → જનરલ મેનેજર → સભ્ય (સરકારી સચિવની સમકક્ષ)

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**સિવિલ એન્જિનિયરીંગ, મિકેનિકલ એન્જિનિયરીંગ, ઈલેક્ટ્રિકલ એન્જિનિયરીંગ તેમજ કોમર્સ અથવા એકાઉન્ટન્સીમાં સ્નાતકની ડિગ્રી ઉપલબ્ધ કરાવતી હોય તેવી દેશની કોઈપણ માન્યતા પ્રાપ્ત કોલેજ.**

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

### ઓનલાઈન અભ્યાસક્રમો

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in

## સાફલ્ય ગાથા

**શ્રી કાર્લોસ ફુએન્ટેવિલા** સંયુક્ત

મુકુલ મોહન ભારતીય રેલ્વેમાં ડેપ્યુટી ચીફ મટીરીયલ્સ મેનેજર છે. શ્રી મોહને નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, વારંગલમાંથી બી.ટેક.ની ડિગ્રી હાંસલ કરેલી છે. તેમની જવાબદારીઓમાં સપ્લાય ચેઈન મેનેજમેન્ટ, વેરહાઉસિંગ અને ટ્રાન્સપોર્ટેશન સામેલ છે. વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૭ દરમિયાન શ્રી મોહન કેન્દ્રિય જળ આયોગમાં મદદનીશ નિયામક હતા.*

સ્રોત:https://coffeemug.ai/contact/mukul-mohan-543b597/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

એન્જિનિયરીંગ સર્વિસ એક્ઝામિનેશન, ઈન્ડિયન રેલવે, ઈન્ડિયન રેલવે સ્ટોર્સ સર્વિસ